# દ.ગુજરાત, સૌરાષ્ટ્રમાં ૪થી ૭ સપ્ટેમ્બર ભારેથી અતિભારે વરસાદની આગાહી

**વિવિધ** જિલ્લાઓમાં NDRFની 12, SDRFની 20 ટીમ તૈનાત, રાજ્યના 206 પૈકી 111 જળાશય હાઈએલર્ટ પર

ગાંધીનગરઃ રાજ્યના કેટલાંક વિસ્તારોમાં હળવાથી મધ્યમ વરસાદ તથા આગામી તા. ૪થી ૭ સપ્ટેમ્બર દરમિયાન સૌરાષ્ટ્ર તથા દક્ષિણ ગુજરાતના મોટાભાગના જિલ્લાઓમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી હવામાન ખાતા દ્વારા કરવામાં આવી છે.

રાહત નિયામકના અધ્યક્ષ સ્થાને SEOC-ગાંધીનગર ખાતે વેધર વોચ ગ્રુપની બેઠક યોજાઈ હતી. જેમાં સિંચાઈ વિભાગના અધિકારી દ્વારા રિજિયન વાઈઝ ડેમમાં પાણીના સ્ટોરેજની સ્થિતિ અંગે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. રાજ્યના ૨૦૬ જળાશયો પૈકી ૧૧૧ જળાશય હાઈએલર્ટ, ૨૭ જળાશય એલર્ટ તથા ૦૯ જળાશય વોર્નિંગ લેવલ પર હોવાનું આ બેઠકમાં જણાવ્યું હતું. બેઠકમાં NDRF અને SDRFના અધિકારીઓના જણાવ્યા મુજબ, ચોમાસા દરમિયાન ઉપસ્થિત થતી કોઈપણ કટોકટીની પરિસ્થિતિને પહોંચી વળવા NDRFની કુલ ૧૨ ટીમ અને SDRFની ૨૦ ટીમ અલગ-અલગ જિલ્લાઓ ખાતે ડીપ્લોય કરવામાં આવી છે. આ ઉપરાંત NDRFની એક ટીમ રીઝર્વ પણ રાખવામાં આવી છે.

## અસંખ્ય ખેડૂતોએ પાકોની ટેકાના ભાવે ખરીદી માટે નોંધણી કરાવતા પોર્ટલ ક્રેશ

ગાંધીનગરઃ ગત તા. ૧ સપ્ટેમ્બરથી ગુજરાતમાં મગફળી, મગ, અડદ અને સોયાબીનની ટેકાના ભાવે ખરીદી માટેની ઓનલાઈન નોંધણી શરૂ કરવામાં આવી હતી. નોંધણી શરૂ થયાના પ્રથમ દિવસે એક સાથે ખેડૂતો દ્વારા રજિસ્ટ્રેશન થવાથી ઈ-સમૃદ્ધિ પોર્ટલ પર ટ્રાફિક વધી જવાના કારણે પોર્ટલ ક્રેશ થયું હતું. પોર્ટલ ક્રેશ થતાં ખેડૂતોની પ્રથમ દિવસે નોંધણી થઈ શકી ન હતી. આ બાબતની જાણ થતાં કૃષિ વિભાગ દ્વારા આજે ૨ સપ્ટેમ્બરથી નોંધણી પુનઃ કાર્યરત થઈ છે.

# ઓસ્ટ્રેલિયામાં ભારતીય વસાહતીઓ વિરુદ્ધ કેમ અચાનક વિરોધ ફાટી નીકળ્યો છે?




ભારતના લોકો દુનિયાના દરેક દેશોમાં વસેલા છે. ભારતના લોકોની ખ્યાતિ છે કે તેઓ દૂધમાં સાકરની જેમ સ્થાનિક પ્રજા સાથે ભળી જાય છે, તો પણ ઓસ્ટ્રેલિયામાં ભારતીય મૂળના લોકોનો વિરોધ વધી રહ્યો છે. રવિવારે હજારો ઓસ્ટ્રેલિયનોએ દેશનાં ૨૦ શહેરોમાં મોટાપાયે બહારથી આવેલા લોકો સામે માર્ચ કાઢી હતી. આ માર્ચમાં ઓસ્ટ્રેલિયનો દ્વારા ભારતીય મૂળના લોકોને નિશાન બનાવવામાં આવ્યા હતા. આવી સ્થિતિમાં પ્રશ્ન એ ઊભો થાય છે કે તેઓ ભારતીયોનો વિરોધ કેમ કરી રહ્યા છે? અને તેમને પ્રોત્સાહન કોના દ્વારા આપવામાં આવી રહ્યું છે. ઓસ્ટ્રેલિયામાં મોટાભાગની વસ્તી વસાહતીઓની છે. ઓસ્ટ્રેલિયામાં ભારતમાં જન્મેલા લોકો બ્રિટીશરો પછીનું બીજા ક્રમનું સૌથી મોટું સ્થળાંતરીત જૂથ છે. જૂન ૨૦૨૩ સુધીમાં ઓસ્ટ્રેલિયામાં ભારતીય મૂળના ૮.૪ લાખ રહેવાસીઓ હતા. ૨૦૨૪ માં ઓસ્ટ્રેલિયાની વસ્તીમાં તેમની કુલ સંખ્યા માત્ર ૩.૨ ટકા હતી. તેમ છતાં વધતી જતી મોંઘવારી, રહેઠાણ સંકટ અને બેરોજગારીનો સામનો કરી રહેલા ઓસ્ટ્રેલિયનો દ્વારા ભારતીયોને નિશાન બનાવવામાં આવી રહ્યા છે.

ઓસ્ટ્રેલિયામાં ભારતીયોનું સ્થળાંતર વર્ષ ૨૦૦૦થી સતત વધી રહ્યું છે. શાસક અને વિપક્ષ ઓસ્ટ્રેલિયન રાજકારણીઓ ભારતીય સમુદાયના સકારાત્મક યોગદાનને સ્વીકારે છે. તેનાથી વિપરીત, શ્વેત સર્વોપરિતાવાદીઓ અને કેટલાક જમણેરી જૂથોને લાગે છે કે ખ્રિસ્તી ધર્મ સિવાય અન્ય ધર્મોના લોકો અને રંગના લોકોએ અહીં રહેવું જોઈએ નહીં. આવાં સંગઠનો ભારતીયો વિરુદ્ધ રેલીઓનું આયોજન કરી રહ્યાં છે. તેમના દ્વારા જ રવિવારે વિવિધ શહેરોમાં ભારતથી આવેલા લોકો વિરુદ્ધ માર્ચનું આયોજન પણ કરવામાં આવ્યું હતું. માર્ચ ફોર ઓસ્ટ્રેલિયાના આયોજકોએ તેમના પેમ્ફલેટમાં ખાસ કરીને ભારતીયોને ટાર્ગેટ કર્યા છે. તેમાં લખવામાં આવ્યું હતું કે પાંચ વર્ષમાં આવેલા ભારતીયોની સંખ્યા ૧૦૦ વર્ષમાં આવેલા ગ્રીક અને ઇટાલિયનોની સંખ્યા કરતાં વધુ છે. ઘણા લોકો માને છે કે ભારતીય મૂળના લોકો લિબરલ પાર્ટીને ટેકો આપે છે અને ભવિષ્યમાં ચૂંટણીનાં પરિણામોને પ્રભાવિત કરી શકે છે. એન્થોની અલ્બેનીસની સરકારે જણાવ્યું હતું કે વિરોધ પ્રદર્શનના આયોજકો નિયો-નાઝી તત્ત્વો સાથે જોડાયેલા હતા.

માર્ચ ફોર ઓસ્ટ્રેલિયા એક પ્રકારનું આંદોલન છે, જેમાં આવનારા સમયમાં યોજાનારી રેલીઓ વિશે માહિતી આપવામાં આવે છે. આ આંદોલન અંતર્ગત ઇમિગ્રેશન વિરોધી રેલીઓનું આયોજન કરવામાં આવે છે, જેમાં મોટી સંખ્યામાં લોકો જોડાય છે. માર્ચ ફોર ઓસ્ટ્રેલિયા વેબસાઇટ જણાવે છે કે વર્ષોથી ઓસ્ટ્રેલિયાની એકતા અને સહિયારા મૂલ્યો આપણને વિભાજીત કરતી નીતિઓ અને ચળવળો દ્વારા ક્ષીણ થઈ રહ્યા છે. આપણા શેરીઓમાં ઓસ્ટ્રેલિયા વિરોધી નફરત, વિદેશી સંઘર્ષ અને તૂટેલા વિશ્વાસના વધતા પ્રદર્શનો જોવા મળ્યા છે, જ્યારે મોટાપાયે સ્થળાંતરે આપણા સમુદાયોને એક સાથે રાખતા બંધનો તોડી નાખ્યા છે. આ માર્ચ ઓસ્ટ્રેલિયાનું નિર્માણ કરનારા લોકો, સંસ્કૃતિ અને રાષ્ટ્ર માટે એક અવાજ છે. માર્ચ ફોર ઓસ્ટ્રેલિયા ઝુંબેશ હેઠળની રેલીઓ એ હકીકત પર આધારિત છે કે તેઓ ઓસ્ટ્રેલિયામાં વિદેશી ધ્વજ ઇચ્છતા નથી અને મોટા પાયે સ્થળાંતરનો અંત ઇચ્છે છે. માર્ચ ફોર ઓસ્ટ્રેલિયાની વેબસાઇટ પર આપવામાં આવેલી માહિતી અનુસાર ૮૦ ટકા ઓસ્ટ્રેલિયનો ઓછું સ્થળાંતર અને ઓછું ઇમિગ્રેશન ઇચ્છે છે.

આ વેબસાઇટ દ્વારા TAPRI, ૨૦૨૫ ને ટાંકીને આ ડેટા આપવામાં આવ્યો છે. તેમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે મોટાભાગના ઓસ્ટ્રેલિયનો માને છે કે તેમના અવાજોને અવગણવામાં આવી રહ્યા છે. જ્યારે ત્રણમાંથી એક વ્યક્તિ વિદેશમાં જન્મ્યો હતો ત્યારે આપણે એક રાષ્ટ્ર તરીકે કોણ છીએ? વસાહતીઓ દ્વારા આપણો ધ્વજ સળગાવવો એ કોઈ નિશાની નહોતી, તે એક ચેતવણી હતી. આપણે તાત્કાલિક કાર્યવાહી કરવી જોઈએ. વાસ્તવિકતા સંપૂર્ણપણે અલગ લાગે છે. માર્ચ ફોર ઓસ્ટ્રેલિયા હેઠળની રેલીઓમાં ભારતીય ઇમિગ્રન્ટ્સને નિશાન બનાવવામાં આવ્યા હતા, કારણ કે રેલીઓમાં જૂઠાણું ફેલાવવામાં આવ્યું હતું કે ભારતમાંથી ઓસ્ટ્રેલિયામાં સ્થળાંતર કરનારા લોકોની સંખ્યા વધુ છે, જ્યારે બહાર પાડવામાં આવેલો ડેટા અલગ જ સત્ય કહે છે.

ટુ ધ પોઇન્ટ
સમકિત શાહ

સ્ટેટિસ્ટાના ડેટા અનુસાર, ઓસ્ટ્રેલિયાની કુલ વસ્તીના ૩૩ ટકા બ્રિટિશ અને ૨૯.૯ ટકા ઓસ્ટ્રેલિયન છે. આ ઉપરાંત, ૯.૫ ટકા આઇરિશ, ૮.૬ ટકા સ્કોટિશ, ૫.૫ ટકા ચાઇનીઝ, ૪.૪ ટકા ઇટાલિયન, ૪ ટકા જર્મન અને ૩.૨ ટકા ભારતીય છે. આ ઉપરાંતર. ૯ ટકા ઓસ્ટ્રેલિયનના મૂળ રહેવાસીઓ, ૧.૭ ટકા ગ્રીક અને ૪.૭ ટકા અનિશ્ચિત પણ છે. માર્ચ ફોર ઓસ્ટ્રેલિયાએ આ વિરોધ પ્રદર્શનોને સાંસ્કૃતિક પરિવર્તન જેવા મુદ્દાઓ સાથે જોડ્યાં છે. તેમનાં નિવેદનો માત્ર ઉશ્કેરણીજનક નથી, પરંતુ ભારતીય સમુદાયને ઇરાદાપૂર્વક નિશાન બનાવવાનો ઇરાદો પણ દર્શાવે છે. કેટલાક વિરોધીઓએ ઓસ્ટ્રેલિયન ધ્વજ લહેરાવ્યા હતા, જ્યારે અન્ય લોકોએ જાતિવાદી સૂત્રોચ્ચાર કર્યા હતા. આ વિરોધ પ્રદર્શનો ઓસ્ટ્રેલિયાનાં સિડની, મેલબોર્ન, બ્રિસ્બેન, કેનબેરા, એડિલેડ, પર્થ જેવાં શહેરોમાં થયા હતા. વિરોધીઓનો દાવો છે કે ઇમિગ્રેશનને કારણે હાઉસિંગ કટોકટી ઊભી થઈ છે અને માળખાગત સુવિધાઓ પર દબાણ વધ્યું છે.

ઓસ્ટ્રેલિયામાં લગભગ અડધી વસ્તી કાં તો વિદેશમાં જન્મેલી છે અથવા તેમના માતા-પિતા વિદેશમાં જન્મેલા છે. તાજેતરનાં વર્ષોમાં ત્યાં જમણેરી કોમવાદી પ્રવૃત્તિમાં વધારો જોવા મળ્યો છે. ઓક્ટોબર ૨૦૨૩ માં ઇઝરાયલ-ગાઝા યુદ્ધની શરૂઆતથી સિનાગોગ, ઇમારતો અને કાર પર યહૂદી વિરોધી હુમલાઓના પ્રત્યાઘાતના રૂપમાંઆ વર્ષે નાઝી સલામી અને ઉગ્રવાદી પ્રતીકોના પ્રદર્શન અથવા વેચાણ પર પ્રતિબંધ મૂકતા નવા કાયદા અમલમાં આવ્યા છે, જેના ઉલ્લંઘન માટે ફરજિયાત જેલની સજા છે. સોશિયલ મીડિયા પર રેલીનો પ્રચાર કરી રહેલા લોકોનો પ્રોફાઇલ સ્પષ્ટપણે દર્શાવે છે કે તેઓ કોણ છે. તેમાંના મોટાભાગના સ્ત્રીની સમાનતાના વિરોધી, શ્વેત સર્વોપરિતાવાદી અને આબોહવા પરિવર્તનની થિયરીનો ઇનકાર કરનારા છે. તેમાંના ઘણા ડોનાલ્ડ ટ્રમ્પના સમર્થકો, ગર્ભપાત વિરોધી કાર્યકરો અને ષડ્યંત્ર સિદ્ધાંતોના સમર્થકો છે.

રેલીઓમાં નેશનલ સોશિયાલિસ્ટ નેટવર્ક (NSN) નામનું એક નિયો-નાઝી જૂથ પણ હાજર હતું. આ જૂથના નેતા થોમસ સેવેલ સ્ટેજ પરથી ભાષણ આપતા જોવા મળ્યા હતા. સેવેલના જૂથે અગાઉ ઓસ્ટ્રેલિયાના સ્વદેશી આદિવાસીઓના મેળાવડાઓ પર હુમલો કર્યો છે. સોશિયલ મીડિયા પર વાયરલ થયેલા એક વીડિયોમાં થોમસ સેવેલ નાઝી પ્રતીક પહેરીને ભાષણ કરતા હતા. બીજા એક એકાઉન્ટએન્ટિ-ફેમિનિસ્ટ ઓસ્ટ્રેલિયાએ ૨૪ કલાકમાં NSNની પ્રશંસા કરતી ડઝનબંધ પોસ્ટ લખી હતી અને એમ પણ લખ્યું કે મહિલાઓને મતદાનનો અધિકાર આપવો તે ભૂલ હતી. વન નેશનના નેતા પૌલિન હેન્સન, કેનબેરામાં પાર્ટીના સભ્ય સેનેટર માલ્કમ રોબર્ટ્સ અને ટાઉન્સવિલેમાં ફેડરલ સાંસદ બોબ કેટરે વિરોધ પ્રદર્શનમાં ભાગ લીધો હતો. સિડનીમાં લગભગ આઠ હજાર લોકોએ વિરોધ પ્રદર્શનમાં ભાગ લીધો હતો અને પર્થમાં લગભગ પાંચ હજાર લોકોએ કૂચ કરી હતી. આ રેલીઓ માટે દિવસો સુધી મોટા પાયે તૈયારીઓ કરવામાં આવી હતી.

ઓસ્ટ્રેલિયન સેનેટર જેમ્સ પેટરસન કહે છે કે ઘણા ઓસ્ટ્રેલિયનો ઇમિગ્રેશન કાયદાઓ પર ગંભીર વિચારો ધરાવે છે, પરંતુ તેમણે ચેતવણી આપી હતી કે રેલીઓમાં નિયો-નાઝીઓ હાજર છે. તેમણે ભારતીય ઓસ્ટ્રેલિયનો સહિત અન્ય સમુદાયોને નિશાન બનાવવા અંગે ચિંતા વ્યક્ત કરી હતી. તેમણે તેને ખોટું અને શરમજનક ગણાવ્યું હતું. વિપક્ષી નેતા સુસાન લેએ લોકોને અપીલ કરી કે નફરત અને ભયને દેશની સામાજિક એકતાનો નાશ ન કરવા દે. ઓસ્ટ્રેલિયાના કેન્દ્રીય મંત્રી મુરે વોટે આ માર્ચની નિંદા કરી હતી. તેમણે કહ્યું હતું કે માર્ચ ફોર ઓસ્ટ્રેલિયા રેલીનો હેતુ સામાજિક સંવાદિતા વધારવાનો નથી. અમે આવી રેલીઓને સમર્થન આપતા નથી, જે સમુદાયોને વિભાજીત કરે છે અને નફરત ફેલાવે છે. એટર્ની જનરલ જુલિયન લીઝરે કહ્યું કે મેં તે ચોક્કસ વિરોધ પ્રદર્શનની કેટલીક સામગ્રી જોઈ છે. તેમાં ભારત વિરોધી અને યહૂદી વિરોધી લાગણીઓ પ્રદર્શિત થઈ રહી છે. આ ઘટનાઓ ઓસ્ટ્રેલિયા માટે ખરેખર ચિંતાજનક છે.

**- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.**

**રેલીઓમાં નેશનલ સોશિયાલિસ્ટ નેટવર્ક (NSN) નામનું એક નિયો-નાઝી જૂથ પણ હાજર હતું. આ જૂથના નેતા થોમસ સેવેલ સ્ટેજ પરથી ભાષણ આપતા જોવા મળ્યા હતા**

## જુલાઈ-૨૦૨૫થી વીજ વપરાશ ઉપર ફ્યુઅલ સરચાર્જના દરમાં પ્રતિ યુનિટ ૧૫ પૈસાનો ઘટાડો કરાયો

ગાંધીનગરઃ ગુજરાતના નાગરિકોને ઓછા દરે વીજળી પૂરી પાડવા માટે રાજ્ય સરકાર દ્વારા જુલાઈ-૨૦૨૫થી ફ્યુઅલ સરચાર્જના દરમાં પ્રતિ યુનિટે ૧૫ પૈસા ઘટાડવાનો મહત્ત્વપૂર્ણ નિર્ણય લેવાયો છે. રાજ્ય સરકારના આ મહત્ત્વપૂર્ણ નિર્ણયથી તા.૧.૭.૨૦૨૫થી કરેલા વીજ વપરાશ ઉપર તમામ શ્રેણીના વીજ ગ્રાહકો પાસેથી ફ્યુઅલ સરચાર્જ હવે પ્રતિ યુનિટ રૂ.૨.૩૦ના ઘટાડેલા દરે વસૂલાત કરવામાં આવશે. વીજ નિયમન આયોગ (GERC) દ્વારા કોઈ ફેરફાર ન થાય ત્યાં સુધી આ દર યથાવત રહેશે. જાન્યુઆરી ૨૦૨૪થી અમલમાં આવતા ફ્યુઅલ સરચાર્જના દરને પ્રતિ યુનિટ ૫૦ પૈસા ઘટાડીને રૂ.૩.૩૫ થી રૂ.૨.૮૫ કરવામાં આવ્યો હતો. આ રાહતને વધુ વિસ્તૃત કરતાં ઓક્ટોબર-૨૦૨૪થી ફ્યુઅલ સરચાર્જના દરને વધુ ૪૦ પૈસા ઘટાડીને રૂ.૨.૪૫ પ્રતિ યુનિટ કરવામાં આવ્યો હતો. વર્ષ ૨૦૨૫-૨૬ના પ્રથમ ત્રિમાસિક ગાળામાં એટલે કે એપ્રિલથી જૂન-૨૦૨૫ દરમિયાન ફ્યુઅલ સરચાર્જના દરને રૂ.૨.૪૫ પ્રતિ યુનિટ જાળવી રાખવામાં આવ્યો હતો.

# રાજ્યની ચારેય કૃષિ યુનિ.ઓમાં ૨૨૭ જુનિયર ક્લાર્કની ભરતી પ્રક્રિયામાં ગોલમાલનો કોંગ્રેસનો આક્ષેપ

**પ્રિલિમ્સ** અને મેઇન્સ બંને પરીક્ષા એક જ દિવસે, અરજદારોને અન્યાયઃ કોંગ્રેસ

### કૃષિ યુનિ.ઓ ભરતી માટે ૫ કરોડ રૂપિયા ખાનગી એજન્સીને ચૂકવશે

પ્રદેશ કોંગ્રેસ દ્વારા આ ભરતીને લઈ સરકારને સવાલ કરવામાં આવ્યા છે કે, પ્રિલિમ્સ અને મેઇન્સ બંને પરીક્ષા એક જ દિવસે પૂર્ણ કરવાના નિર્ણય ઉપર કૃષિ યુનિ. સહમત કેમ છે?, ૨૨૭ જુ.ક્લાર્કની ભરતી પાછળ કૃષિ યુનિ.ઓ ૫ કરોડ રૂપિયા ખર્ચીને પણ ભરતી પ્રક્રિયા ન્યાયી અને તટસ્થતાની કોઇ બાંહેધરી આપશે?, એક જુ.ક્લાર્કની ભરતી પાછળ ૨,૨૩,૦૦૦ રૂપિયા ખર્ચ માટેની ટેન્ડર પ્રક્રિયા પારદર્શક કઈ રીતે હોય શકે?, કૃષિ યુનિ.ના કુલપતિઓની આ હિંમત ઉપર રાજ્ય સરકારને કોઇ સવાલ નથી?, કૃષિ યુનિ.ઓ પોતાના વહીવટી વિભાગના કર્મચારીઓની જગ્યાની ભરતી ખુદ કૃષિ કરતી હતી તો, હવે ખાનગી એજન્સી ઉપર નિર્ભર કેમ છે?

અમદાવાદઃ રાજ્યની ચાર કૃષિ. યુનિ જુનાગઢ, આણંદ, નવસારી અને દાંતીવાડા કૃષિ. યુનિવર્સિટીમાં જુનિયર ક્લાર્ક વર્ગ-૩ની ભરતી પ્રક્રિયા ૧૫ જુલાઈથી ૧૧ ઓગસ્ટ દરમિયાન અરજીઓ મંગાવવામાં આવી હતી. જુનિયર ક્લાર્કની કુલ ૨૨૭ જગ્યા માટે પ્રિલિમ્સ અને મેઇન્સ બંને પરીક્ષા એક જ દિવસે ૨૧ સપ્ટેમ્બર ૨૦૨૫એ ગોઠવવી એ અરજદારોને સીધો અન્યાય છે.

પ્રદેશ કોંગ્રેસના પ્રવક્તા મનહર પટેલએ જણાવ્યું હતું કે જુનિયર ક્લાર્કની કુલ ૨૨૭ જગ્યા માટે પ્રિલિમ્સ અને મેઇન્સ બંને પરીક્ષા એક જ દિવસે ૨૧ સપ્ટેમ્બર ૨૦૨૫એ ગોઠવવીએ અરજદારોને સીધો અન્યાય છે. સામાન્ય રીતે સરકારની અન્ય સંસ્થાઓ પહેલાં પ્રિલિમ્સ પરીક્ષાના પરિણામ આપ્યા બાદ મેઇન્સ પરીક્ષા લે છે. મેઇન્સ માટે તૈયારી કરવા વિદ્યાર્થીઓને સમય આપવામા આવે છે, જે આ કિસ્સામાં નથી મળી રહ્યો એટલે ઉમેદવારોમા ખૂબ જ નારજગી છે.

મનહર પટેલએ વધુમાં કહ્યું હતું કે, કૃષિ. યુનિ દ્વારા બહાર પાડેલા નોટિફિકેશનમાં જણાવ્યા મુજબ જુનિયર ક્લાર્ક (વર્ગ-૩)ની સીધી ભરતી માટે પાર્ટ-૧ (ગુણ:૧૦૦, ૬૦ મિનિટ) તથા પાર્ટ-૨ (ગુણ:૨૦૦, સમય ૧૨૦ મિનિટ) ની સ્પર્ધાત્મક પરીક્ષા એક જ તબક્કામાં MCQ - પ્રકારના પ્રશ્નનો ધરાવતી OMR પદ્ધતિથી તા ૨૧ સપ્ટેમ્બરને રવિવારના ૧૪.૦૦થી ૧૭.૦૦ કલાક દરમિયાન લેવામાં આવશે. આવો દુરાગ્રહ કૃષિ યુનિ.ઓનો કે ખાનગી પરિક્ષા લેનાર એજન્સીનો છે ?

આમ આ ભરતી પ્રક્રિયાની ૧૦૦ માર્કની પ્રિલિમ્સ પરીક્ષા અને ૨૦૦ માર્કની મેઇન સહિત કુલ ૩૦૦ માર્કની પરીક્ષા વિદ્યાર્થીઓએ એક જ દિવસે આપવાની રહેશે. પ્રિલિમ્સ પરીક્ષા ૧૦૦ માર્કની હશે જેનો સમય એક કલાક છે. પ્રિલિમ્સ પરીક્ષામાં ઉત્તિર્ણ થનાર ઉમેદવારોની મુખ્ય પરીક્ષા પણ એજ દિવસે લઈ લેવાશે.

# ગુજરાત યુનિવર્સિટી દ્વારા PhDમાં કરાયેલો ફી વધારો પાછો ખેંચવા NSUIની માંગણી

**પીએચડી** ડિગ્રી અભ્યાસક્રમમાં 80% જેટલો ફી વધારો કરવામાં આવ્યો

અમદાવાદઃ ગુજરાત યુનિવર્સિટી દ્વારા પીએચડી ડિગ્રી અભ્યાસક્રમમાં 80% જેટલો ફી વધારો કરવામાં આવ્યો છે. આ ફી વધારાને કારણે ગરીબ અને સામાન્ય વર્ગના વિદ્યાર્થીઓ પીએચડી ડિગ્રીથી વંચિત રહે તેવી સંભાવના છે.

જેને પગલે ગુજરાત યુનિવર્સિટીએ તાત્કાલિક આ ફી વધારો પાછો ખેંચવો જોઈએ, તેવી ગુજરાત પ્રદેશ એનએસયુઆઈ દ્વારા માંગણી કરવામાં આવી છે.

એનએસયુઆઈના અગ્રણી ચિરાગ દરજીએ ગુજરાત યુનિવર્સિટી દ્વારા પીએચડીમાં કરાયેલા ફી વધારાનો ઉગ્ર વિરોધ કરી ગુજરાત યુનિવર્સિટીના કુલપતિને રજૂઆત કરીને આ ફી વધારો પાછો ખેંચવા માંગણી કરી છે. ગુજરાત યુનિવર્સિટીના કુલપતિને રજૂઆત કરતાં જણાવ્યું હતું કે, આ યુનિવર્સિટીમાં રાજ્યભરમાંથી ગામડાના છેવાડાના ગરીબ અને મધ્યમ વર્ગના વિદ્યાર્થીઓ દૂર દૂરથી અભ્યાસ કરવા માટે આવી રહ્યા છે. તેવામાં પીએચડીની ડિગ્રી મેળવી પ્રોફેસર બનવાની આશા રાખતા વિદ્યાર્થીઓ માટે હવે ગુજરાત યુનિવર્સિટીમાંથી પીએચડી કરવી એક સપના સમાન બની રહેશે. ગુજરાત યુનિવર્સિટી દ્વારા પીએચડી ફીમાં 4500 રૂપિયા જેટલો જંગી વધારો કરવામાં આવ્યો છે. જે તાત્કાલિક પાછો ખેંચવા માંગણી છે.

# BUSINESS મિત્ર

જીએસટીની બેઠક પુર્વે બજાર ઉંચકાયું, પણ બપોર બાદ ધોવાઇ ગયું

# નબળા વૈશ્વિક સંકેતોની પાછળ સેન્સેક્સ દિવસના ઉંચા સ્તરેથી 700 પોઇન્ટ તૂટયો

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

**અમદાવાદ, તા. 2:** જીએસટી બેઠક પુર્વે ભારતીય શેરબજારમાં ગેપ અપ ઓપનીગ જોવા મળ્યો હતો અને બપોર સુધી ઉછળ્યો હતો, પણ બપોર બાદ ઉપલા સ્તરેથી નબળા વૈશ્વિક સંકેતોના કારણે આ ઉછાળો ધોવાઇ ગયો હતો. જેના લીધે સેન્સેક્સ દિવસના ઉપલા સ્તરેથી 700 પોઇન્ટ તુટયો હતો.

ડોલર પાંચ સપ્તાહની નીચી સપાટીએ સ્થિર રહ્યો છે અને આજે સોનું રેકોર્ડ ઉંચાઇ પહોંચી ગયું છે, ત્યારે રોકાણકારો આ સપ્તાહે આર્થિક ડેટાની રાહ જોઇ રહ્યા છે જે સપ્ટેમ્બરમાં ફેડરલ રિઝર્વના દરમાં ઘટાડાની અપેક્ષાઓને મજબૂત બનાવી શકે છે.

બજારો વ્યાપકપણે અપેક્ષા રાખે છે કે ફેડ આ મહિનાના અંતમાં વ્યાજના દરોમાં ઘટાડો કરશે, 25 બેસિસ પોઇન્ટના ઘટાડાની 89 ટકા શક્યતામાં ભાવનિર્ધારણ કરશે, પંરતુ આ સપ્તાહના ડેટા રોકાણકારોને એ જાણવામાં મદદ કરશે કે મધ્યસ્થ બેન્ક કદાચ જમ્બો કટ તરફ ઝુકી શકે છે.

આ ઉપરાંત, નિફ્ટીમાં આજે મંગળવારે વીકલી એક્સપાયરી થઇ છે, જેની પણ બજારમાં અસર જોવાશે.

બીએસઇ સેન્સેક્સ 206.61 પોઈન્ટ એટલે કે 0.26 ટકા ઘટીને 80157.88 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે ઈન્ટ્રાડેમાં સેન્સેક્સ 80761 પોઈન્ટ સુધી ઉછળ્યો હતો, જ્યારે નીચામાં 80008 પોઈન્ટ સુધી ઘટ્યો હતો. નિફ્ટી 45.45 પોઈન્ટ એટલે કે 0.18 ટકા ઘટીને 24600ની સપાટી તોડીને 24579.60 પોઈન્ટના સ્તરે બંધ રહી હતી. આજે ઈન્ટ્રાડેમાં નિફ્ટી 24756 પોઈન્ટ સુધી ઉછળી હતી, જ્યારે નીચામાં 24522 પોઈન્ટ સુધી ઘટી હતી. બેન્ક નિફ્ટી 341.45 પોઈન્ટ એટલે કે 0.63 ટકા ઘટીને 53661 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા.

બીએસઇ લિસ્ટેડ કંપનીઓનું માર્કેટ કેપ વધીને રૂ. 449.94 લાખ કરોડ પર પહોંચી ગયું છે. આજે શેરબજાર ઘટવા છતાં રોકાણકારોની સંપત્તિમાં રૂ. 1.09 લાખ કરોડનો વધારો થયો છે.

બ્રોડર માર્કેટમાં સુંદર પ્રદર્શન રહ્યું હતું. બીએસઇ મિડકેપ ઈન્ડેક્સ 0.27 ટકા વધ્યો હતો, જ્યારે સ્મોલકેપ ઈન્ડેક્સ 0.64 ટકા સુધર્યો હતો. જેના લીધે માર્કેટ બ્રેડથ પોઝિટવ રહ્યો હતો. બીએસઇ ખાતે 2540 શેરો વધ્યા હતા, જ્યારે 1609 શેરો ઘટયા હતા અને 143 શેરો યથાવત રહ્યા હતા.

બીએસઇ ખાતે બલરામપુર ચીની મીલ્સમાં 22.14 ગણા, કેઈસી ઈન્ટરનેશનલમાં 8.04 ગણા, આઈટીઆઇ લિ.માં 7.2 ગણા, અતુલ લિ.માં 6.32 ગણા અને સન ટીવીમાં 5.54 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઇ ખાતે શ્રી રેણુકા સુગરમાં 73.15 ગણા, આઈટીઆઇ લિ.માં 21.18 ગણા, બલરામપુર ચીની મીલ્સમાં 20.76 ગણા, કેઈસી ઈન્ટરનેશનલમાં 9.02 ગણા અને પ્રાજ ઈન્ડ.માં 8.86 ગણા કામકાજ નોંધાયા છે.

બીએસઇ એસએમઇ એનઆઈએસ મેનેજમેન્ટના આઈપીઓમાં 2.70 ટકા ડિસ્કાઉન્ટ સાથે રૂ. 108ના સ્તરે બંધ રહ્યા હતા. કંપનીએ રૂ. 111ના ભાવે ઓપર કર્યો હતો. કંપનીનો આઈપીઓ 2.95 ગણો છલકાયો હતો. બીએસઇ એસએમઇ ગ્લોબટાયર ઈન્ફોટેકના આઈપીઓ 20 ટકા ડિસ્કાઉન્ટ સાથે રૂ. 57.60ના ભાવે લિસ્ટીંગ કર્યુ હતું. કંપનીએ રૂ. 72ના ભાવે ઓફર કર્યો હતો. કંપની 1.32 ગણો છલકાયો હતો.

વૈશ્વિક સ્તરે ઓગસ્ટમાં યુઝો ઝોનનો ફુગાવ વધીને 2.1 ટકા થયો હોવાથી યુરોપિનય બજારોમાં નરમાઇ જોવા મળી હતી. મુખ્ય ફુગાવો જે વધુ અસ્થિર ખોરાક, ઉર્જા, આલ્કોહોલ અને તમાકુના ભાવોને છીનવી લે છે, તે જુલાઇમાં 2.3 ટકાથી યથાવત હતો. એશિયન બજારોમાં મિશ્ર હવામાન જોવાયો હતો. રોકાણકારોએ તિયાનજિનમાં નેતાઓની શાંઘાઇ કોઓપરેશન ઓર્ગેનાઈઝેશનની બેઠકનું મુલ્યાંકન કર્યુ હતું, જેમાં ટેરિફની અનિશ્ચિતતાના સેન્ટિમેન્ટ પર ભાર મુકવામાં આવ્યો હતો. યુએસ ફેડરલ અપીલ્સ કોર્ટે રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના મોટાભાગના વૈશ્વિક ટેરિફ ગેરકાયદેસર હોવાનો ચુકાદો આપ્યો હોવાની તેની અસર છે.

### રૂપિયો 88.18ના સર્વકાલીન નીચલા સ્તરે પહોંચ્યો

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

**અમદાવાદ, તા. 2 :** ભારત-અમેરિકા વેપાર સોદા અંગે અનિશ્ચિતતા અને સ્થાનિક ઇક્વિટી બજારોમાં નબળાઈ વચ્ચે મંગળવારે રૂપિયો દબાણ હેઠળ રહ્યો કારણ કે તે 8 પૈસા ઘટીને 88.18 (કામચલાઉ) ના સર્વકાલીન નીચલા સ્તરે પહોંચી ગયો. ફોરેક્સ ટ્રેડર્સે જણાવ્યું હતું કે યુએસ ટેરિફ વધારા અંગે અનિશ્ચિતતા વચ્ચે રૂપિયો તેના સર્વકાલીન નીચલા સ્તરની નજીક ટ્રેડ થઈ રહ્યો છે કારણ કે રૂપિયા પર જોખમો ચાલુ છે. આ ઉપરાંત, સ્થાનિક ઇક્વિટી બજારોમાંથી વિદેશી મૂડીનો સતત પ્રવાહ અથવા ડોલરમાં મજબૂતાઈ રૂપિયાની નબળાઈમાં વધુ વધારો કરી શકે છે. આ પહેલા ડોલરની સામે રૂપિયો 5 પૈસા સુધરીને 88.16ના સ્તરે બંધ રહ્યો હતો.

**ફોરેક્સ બજાર**

| | |
|---|---|
| ડોલર | 87.16 રૂ. |
| યુરો | 102.51 રૂ. |
| પાઉન્ડ | 117.54 રૂ. |
| યેન | 0.5933 રૂ. |

| | | |
|---|---|---|
| સેન્સેક્સ | -206.61 | 80157.88 |
| નિફ્ટી | -45.45 | 24579.60 |
| બેન્ક નિફ્ટી | -341.45 | 53661.00 |

**નિફ્ટી**

ટોપ ગેઇનર્સ

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| પાવરગ્રીડ | 2.45 | 286.70 |
| ટાટા કન્ઝ્યુમર | 2.33 | 1100.80 |
| નેસલે ઇન્ડિયા | 2.26 | 1200.90 |
| એનટીપીસી | 1.69 | 336.30 |
| ટાટા સ્ટીલ | 1.42 | 158.39 |

ટોપ લુઝર્સ

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| મહિન્દ્રા-મહિન્દ્રા | 2.44 | 3234.50 |
| ડો. રેડ્ડીઝ લેબ | 2.05 | 1253.70 |
| કોટક બેન્ક | 1.33 | 1942.50 |
| ICICI બેન્ક | 1.19 | 1394.20 |
| એશિયન પેઇન્ટસ | 1.18 | 2540.00 |

**સેન્સેક્સ**

ટોપ ગેઇનર્સ

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| પાવરગ્રીડ | 2.04 | 285.55 |
| એનટીપીસી | 1.60 | 336.20 |
| ટાટા સ્ટીલ | 1.44 | 158.45 |
| એચયુએલ | 1.09 | 2677.00 |
| રિલાયન્સ | 0.97 | 1367.00 |

ટોપ લુઝર્સ

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| મહિન્દ્રા-મહિન્દ્રા | 2.45 | 3233.80 |
| એશિયન પેઇન્ટસ | 1.33 | 2536.90 |
| ICICI બેન્ક | 1.15 | 1394.50 |
| કોટક બેન્ક | 1.28 | 1942.50 |
| ટાટા મોટર્સ | 0.83 | 684.30 |

# 2025માં ચાંદીએ 40 ટકા રિટર્ન આપ્યું, હિન્દુસ્તાન ઝીંક જેવી કંપનીઓના શેરો ચમક્યા

**ફેડરલ** રિઝર્વના વ્યાજદરમાં ઘટાડાની આશા પર બુલિયન વધ્યો

મુંબઈ, તા. 2: વર્ષ 2011 બાદ પ્રથમ વખત ચાંદીના ભાવ 40 ડોલર પ્રતિ ઔંસની ઉપર કારોબાર કરી રહ્યા છે. આનું કારણ ચાંદીમાં રોકાણકારોનો વધતો રસ છે. તેની અસર ક્લીન એનર્જી સહિત ઘણી કંપનીઓ પર દેખાઈ રહી છે. ગત મહિને ચાંદીમાં 10 ટકાથી વધુનો ઉછાળો આવ્યો છે. તેની અસર હિન્દુસ્તાન ઝિંક, વેદાંતા અને ગોલ્ડિયમ ઈન્ટરનેશનલ જેવી કંપનીઓના શેર પર જોવા મળી હતી. આ કંપનીઓની કમાણી વધવાની આશાએ રોકાણકારો પોતાના શેરમાં રોકાણ કરી રહ્યા છે.

બીજી સપ્ટેમ્બરે હિન્દુસ્તાન ઝિંકનો શેર 1 ટકાથી વધુ વધ્યો હતો. ગઈકાલે શેર 3.9 ટકા ઉછળ્યો હતો. આજે પણ વેદાંતાના શેરમાં પણ નીચલા સ્તરેથી સારો ઉછાળો જોવા મળ્યો હતો. જ્વેલરી નિકાસકાર ગોલ્ડિયમ ઈન્ટરનેશનલના શેરમાં છેલ્લા પાંચ ટ્રેડિંગ સેશનમાં 11 ટકાથી વધુનો ઉછાળો નોંધાયો છે. ચાંદી સોનાની પાછળ ચાલતી જણાય. આ પહેલા સોનાના ભાવમાં જોરદાર ઉછાળો આવ્યો હતો. આ વર્ષે એપ્રિલમાં સોનાના ભાવ 3500 ડોલર પ્રતિ ઔંસને પાર કરી ગયા હતા.

વૈશ્વિક અનિશ્ચિતતા અને યુએસ સેન્ટ્રલ બેન્ક ફેડરલ રિઝર્વ દ્વારા વ્યાજના દરમાં ઘટાડો કરવાની અપેક્ષા વચ્ચે સેફ હેવનમાં રોકાણકારોના રસને કારણે સોના-ચાંદીમાં ખરીદીને વેગ મળ્યો છે. આ વર્ષે અત્યાર સુધીમાં ચાંદીના ભાવમાં 40 ટકાથી વધુનો ઉછાળો નોંધાયો છે. અમેરિકામાં વ્યાજ દર ઘટવાને કારણે સોના-ચાંદી ચમકશે. અહીં ડોલરના મુકાબલે રૂપિયામાં મોટી નબળાઈ જોવાને મળી છે. 88ની સપાટીએ પહોંચી ગયો હતો. રૂપિયામાં નબળાઈથી નિકાસ કરતી કંપનીઓના નફામાં વધારો થશે.

તાજેતરમાં સિલ્વર ઈટીએફમાં પણ રોકાણ વધ્યું છે. નિપ્પોન ઈન્ડિયાના સિલ્વર ઈટીએફની એયુએમ 10000 કરોડ રૂપિયાને પાર કરી ગઈ છે. આ તહેવારની મોસમ પહેલા મજબૂત સ્થાનિક માંગ સૂચવે છે. વિશ્વભરમાં ઓગસ્ટમાં સતત સાતમા મહિને સિલ્વર ઈટીએફની એયુએમ વધી છે. 2020 પછી સિલ્વર ઈટીએફમાં તેજીનો આ સૌથી લાંબો સમયગાળો છે. ચાંદીની વધતી ચમકથી હિન્દુસ્તાન ઝિંકને ફાયદો થયો છે. ચાંદીના ઉત્પાદનની દ્રષ્ટિએ તે વિશ્વની ત્રીજી સૌથી મોટી કંપની છે. નાણાકીય વર્ષ 25માં તેણે 687 મેટ્રિક ટન ચાંદીનું ઉત્પાદન કર્યું હતું. તે 2030 સુધીમાં તેની ક્ષમતા વધારીને 1500 મેટ્રિક ટન કરવા માંગે છે. કંપનીના મેનેજમેન્ટનું માનવું છે કે આગામી ક્વાર્ટર્સમાં ચાંદીનો ચમકારો ચાલુ રહેશે. હિન્દુસ્તાન ઝિંકે ભારતના પ્રથમ ઝીંક ટેઈલિંગ રિપ્રોસેસિંગ પ્લાન્ટની જાહેરાત કરી છે. આના પર લગભગ 3823 કરોડ રૂપિયાનું રોકાણ કરવામાં આવશે.

# જીએસટીમાં સુધારાથી અર્થતંત્ર પારદર્શક બનશેઃ નાણામંત્રી નિર્મલા સીતારમણ

**18 વર્ષમાં** પહેલી વખત એસએન્ડપી દ્વારા ભારતના લાંબા ગાળાના સોવરેન ક્રેડિટ રેટિંગમાં સુધારો કરવામાં આવ્યો છે: નાણા મંત્રી

**નવી દિલ્હી, તા. 2:** જીએસટીમાં આગામી પેઢીના સુધારા ચોક્કસપણે અર્થતંત્રને ખુલ્લું અને પારદર્શક બનાવશે. આ સાથે તેના અમલને કારણે પાલનનો બોજ પણ ઓછો થશે એમ નાણામંત્રી નિર્મલા સીતારમણે ચેન્નઈમાં આ વાત કહી છે.

નાણામંત્રીએ કહ્યું કે છેલ્લા 11 વર્ષમાં 56 કરોડ જનધન ખાતા ખોલવામાં આવ્યા છે, જેમાં કુલ 2.68 લાખ કરોડ રૂપિયા જમા થયા છે. તેમણે જણાવ્યું હતું કે, જન ધન ખાતાંનો 67 ટકા હિસ્સો ગ્રામીણ, અર્ધશહેરી વિસ્તારોમાં ખોલવામાં આવ્યો છે. 56 ટકા ખાતામાં મહિલાઓ છે. નાણામંત્રીએ કહ્યું કે, 18 વર્ષમાં પહેલી વખત એસએન્ડપી દ્વારા ભારતના લાંબા ગાળાના સોવરેન ક્રેડિટ રેટિંગમાં સુધારો કરવામાં આવ્યો છે.

નાણાં પ્રધાન નિર્મલા સીતારામને કહ્યું કે ભારતીય અનુસૂચિત વ્યાપારી બેંકોએ પણ તેમની સંપત્તિની ગુણવત્તામાં નોંધપાત્ર સુધારો કર્યો છે. નાણાં પ્રધાને કહ્યું કે આગામી પેઢીના જીએસટી સુધારા ચોક્કસપણે અર્થતંત્રને ખુલ્લું અને પારદર્શક બનાવશે અને પાલનનો ભાર ઘટાડશે. કેન્દ્રીય નાણાં પ્રધાન નિર્મલા સીતારામણે કહ્યું હતું કે આગામી પેઢીના જીએસટી સુધારાથી અર્થતંત્ર સંપૂર્ણપણે ખુલ્લું અને પારદર્શક બનશે, પાલનનો ભાર વધુ ઘટશે અને નાના ઉદ્યોગોને ફાયદો થશે.

### યાર્ન બજાર સુરત

(GST સાથેના ભાવ)

નરેશ / મુકેશ ઘીવાળા
૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

| | | | | | |
|---|---|---|---|---|---|
| **પ્રફુલ/સાલાસર/કેપલોન** | **રૂા.** | ૭૫/૩૬ '' | ૧૨૭ | ----- | --- |
| ૩૦/૨૪ બ્રાઇટ | ૨૫૪ | ૫૦/૩૬ '' | ૧૩૯ | ૮૦/૭૨ બ્લેક રોટો | ૧૩૯ |
| ૩૦/૩૬ એફડી | ૨૬૨ | ૫૦/૪૮ SD/ક્રેપ | ૨૨૦ | **ગાર્ડન** | |
| **લોકલ** | | **RIL રિલાયન્સ** | | ૪૯/૨૪ એફડીવાય | ૧૭૩ |
| ૬૨/૩૬ ક્રિમ્પ | ૧૩૩ | ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૨૪ | ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૩૧.૫ |
| ૬૮/૩૬ | ૧૨૬ | ૧૧૪.૧૩ રોટો | --- | ૬૨ ક્રિમ્પ | ૧૨૪ |
| ૭૨/૩૬ ક્રિમ્પ | ૧૨૬ | ૧૦૦ ટેક્ષ | ૧૨૩ | ૬૮ ક્રિમ્પ | ૧૨૪ |
| ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૨૪ | **વેલનોન** (જીએસટી સાથે) | | ૭૨ ક્રિમ્પ | ૧૨૪ |
| ૮૪/૪૮ ક્રિમ્પ | ૧૨૪ | ૮૦/૭૨ રોટો | ૧૩૦ | ૭૫ ક્રિમ્પ | ૧૨૩ |
| ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૭૩ | ૮૦/૭૨ ફોલ્ડર | ૧૪૨ | ૮૦ ક્રિમ્પ | ૧૨૯ |
| ૮૦/૭૨ રોટો. | ૧૨૭.૨૫ | ૧૬૦ ડીસ્કેટ | ૧૪૨ | ૮૦/૭૨ રોટો | ૧૨૮ |
| ૮૦/૩૬ રોટો. | ૧૨૬ | --- | --- | ૩૦/૨૪ બ્રાઇટ | --- |
| ૧૫૦/૪૮બ્રાઇટ | ૧૨૦ | ૮૦/૧૦૮ '' | ૧૩૪ | ૩૦/૩૬ એફડી | --- |

### તેલ બજાર સુરત

૧૫ કિલોના ભાવ

| | | | |
|---|---|---|---|
| સીંગતેલ (૧૫ કિ.) | ૨૫૬૦ | કોપરેલ | ૭૮૦૦ |
| સીંગતેલ (૧૫ લિ.) | ૨૩૬૦ | વનસ્પતિ ઘી | ૨૩૫૦ |
| સીંગતેલ (૫ લી) | ૮૬૦ | સનફ્લાવર | ૨૧૭૦ |
| કપાસીયા (૧૫ કિ.) | ૨૪૫૦ | તલતેલ | ૫૦૦૦ |
| કપાસીયા (૧૫ લિ.) | ૨૨૫૦ | દિવેલ | ૨૪૫૦ |
| કપાસીયા (૫ લિ.) | ૭૯૦ | મકાઇ તેલ | ૨૪૦૦ |
| સરસીયું તેલ | ૨૯૫૦ | | |

### જથ્થાબંધ ખાંડબજાર

પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.)

| | |
|---|---|
| **મહારાષ્ટ્ર** | |
| એમ-૩૦ (ભરવાલાયક) | ૪૪૦૦ |
| એમ-૩૦ | ૪૩૫૦ |
| એસ-૩૦ | ૪૩૦૦ |
| **ગુજરાત** | |
| એમ-૩૦ | ૪૩૦૦ |
| એસ-૩૦ | ૪૨૫૦ |

### સોના-ચાંદી સુરત

(ટેક્ષ સહિત)

| | |
|---|---|
| સટાન્ડર્ડ સોનું | ૧૦૭૫૪૦ |
| તેજાબી સોનું | ૧૦૭૪૫૦ |
| દાગીના-૨૨ કેરેટ | ૧૦૨૧૬૦ |
| દાગીના-બીએસઆઇ હોલમાર્ક | ૧૦૫૩૯૦ |
| સોનાનાં બિસ્કીટ | ૧૦૭૫૪૦૦ |
| ચાંદી (૯૯૯) | ૧૨૫૪૫૦ |
| ચાંદી સિક્કા | ૧૨૬૯૫૦ |